સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

સત્તા, પદ અને ટિકિટ વેચાતાં લીધાં છે,
સ્વમાન ના ભાગે ઝેર જાણી જાણી પીધાં છે!
કીધાં છે કરપીમ ખૂન મૂલ્યો - સિદ્ધાંતના -
મૂક સેવકોના પેટ પર પગ દીધો છે.

હાઈકુ

રગદોડાયું -
લે-વેંચ કાદવે,
રાજકારણ...

ધાક - ધમકી
ને ખરીદ બજારે
સભ્યો ગુલામ

ચિંતન

ન આત્મા ભાવેષુ ન ભાવ તત્ર અનંતે નિરંજને ।
ઇતિ આસક્તઃ અસ્પૃહઃ શાંત એતત્ એવ અહમ્ આસ્થિતઃ ॥

ઉપરોક્ત શ્લોક વિષ્ણુ પુરાણમાંથી લેવામાં આવેલ છે.

આત્મા કોઈ વિષયોમાં નથી કે વિષય અનંત નિરંજન આત્મામાંથી નથી. તેથી હું અનાસક્ત અને ઈચ્છા વિનાનો શાંત જ છું. એ જ્ઞાનમાં જ મારી પૂરી શ્રદ્ધા છે, એમાં જ હું સ્થિર છું.

વિષયો અંગેની વૃત્તિ કે વાસના મન સાથે સંબંધ ધરાવે છે. તો વિષયો પોતે ઈન્દ્રિયો સાથે, દેહ સાથે સંબંધ ધરાવે છે. મન ઈન્દ્રિયો દ્વારા જ એ વિષયોને ભોગવે છે. આત્મા તો સાક્ષીભાવે એ બધું જોયા કરે છે.

મન - અને દેહ - ઈન્દ્રિયો જ માત્ર વિષય - વાસના-સ્વાદ સાથે જોડાયેલા છે. આત્મા નહીં આત્માને તટસ્થભાવે કેળવીએ તો સંયમ - વિચાર શુદ્ધિ આપોઆપ આવે છે.

સુવિચાર

- કોણ જાણે ? કોને ખબર? બધું કેવું અજીબ કેવું અકળ...
  હજાર હુનર હાથ, તોય આદમી અબળ ને ભાવિ પ્રબળ - **અખંડ આનંદ**
- માનું છું સફળતાની સીડી હજી ચડ્યો નથી,
  પણ મને ગર્વ છે કે સફળતા માટે હું કોઈને નડ્યો નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- પોતાને પરિચય જો પોતે જ આપવો પડે તો સમજવું કે સફળતા હજી દૂર છે - **મૃગેશ વૈષ્ણવ**
- જીંદગી કી હર તપીસ કો મુસ્કુરાકર ઝેલિયે, બરસાત કો લાને કે લીયે ધૂપ કો ઝેલિયે - **ફૈઝલ શાહ**
- 'અંગત' પાસેથી 'અપેક્ષા' રાખવી એ ગુનો નથી,
  પણ 'અપેક્ષા' માટે 'અંગત' બનવું એ ગુનો છે - **મુંબઈ સમાચાર**
- મારું છેતરાવું એ કંઈ કોઈની હોંશિયારી નથી, પણ મેં કરેલા વિશ્વાસનું પરિણામ છે - **ભૂપત વડોદરિયા**
- આજનું ઔષધ : દૂધમાં એલચીનો પાઉડર અને કેસર ઉમેરી ત્રણ ઉભરા લાવવા; પછી તેનું દહીં જમાવવું, આ દહીં ખાવાથી શરદી થતી નથી. **(સંકલન : દિપક વી. આશરા)**

બોધકથા

મેડમ ક્યુરીના પતિ પિયર ક્યુરી પર પેરિસ યુનિવર્સિટીમાં પ્રખ્યાત ભૌતિકશાસ્ત્રીના વૈજ્ઞાનિક હતા. તેમના અવસાન પછી મેડમ ક્યુરીના કુટુંબને મદદ કરવા માટે ફ્રાન્સ સરકારે મેડમ ક્યુરી પાસે અધિકારી મોકલ્યો. અધિકારીએ કહ્યું,'મેડમ, આપના બંને બાળકો માટે સરકારે આ જીવન પેન્શન આપવાની દરખાસ્ત કરી છે. આપ આ ફોર્મ ભરીને આપો એટલે સરકાર તમારી આર્થિક મુશ્કેલીમાં મદદ કરશે.' મેડમ ક્યુરીએ નમ્રતા પૂર્વક પેન્શન લેવાની ના પાડી દીધી. અને અધિકારીને કહ્યું, 'મારે પેન્શન નથી જોઈતું મારું અને મારા બે બાળકોનું ભરણપોષણ કરવા જેટલી તો હું શક્તિશાળી છું.'

અધિકારી પણ મનોમન મેડમની ખુદ્દારીને વંદી રહ્યો.

પથ્થરમારો તંત્રની બેદરકારીનું પરિણામ

તંત્રીસ્થાનેથી...

રાહુલ ગાંધીની મુલાકાત પ્રસંગે પથ્થરમારાનો બનાવ અને 'મોદી, મોદી'ના સૂત્રોચ્ચાર પાછળ કયાં તત્ત્વો હશે તે કલ્પી શકાય એમ છે. ભારતીય જનતા પાર્ટીના આગેવાનો માટે આ ઘટના ઊંડા સંશોધનનો વિષય હશે પરંતુ સામાન્ય પ્રજા તો એના પર જ દોષારોપણ કરશે. જયારે રાષ્ટ્રીય કક્ષાના મોટા ગજાના નેતા અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાતે આવી રહ્યા હોય ત્યારે સરકારની ફરજ બને છે કે એમને પૂરતી સુરક્ષા ઉપલબ્ધ કરાવે. જો એમના આવવાથી પરિસ્થિતિ વણસે એવા અણસાર હોય તો એમને આવતા અટકાવવાનો પણ વિકલ્પ સરકાર પાસે હોય છે. ગુજરાત સરકાર આ પૈકીની એક પણ બાબતમાં ગંભીર નહોતી, તે રાહુલ ગાંધીની કાર પર થયેલા હુમલાથી સાબિત થાય છે. કોંગ્રેસના સ્થાનિક ધારાસભ્ય દેખીતાં કારણોસર આવી આફતવેળાએ પણ પ્રજાજનો વચ્ચે નથી, તેથી દુખિયારાં અસરગ્રસ્તો રોષે ભરાયાં હોય તે પણ સમજી શકાય એમ છે. પરંતુ આ સમજણ વહીવટમાં બેઠેલાં લોકો અને અધિકારીઓમાં પણ હોવી જોઈતી હતી. એથી તો ઊલટાની રાહુલ ગાંધીની મુલાકાત વખતે કોઈ પણ અપ્રિય ઘટના ન બને, એવી તકેદારી રાખવાની તાકીદ સરજાઈ હતી. કમનસીબે વહીવટી તંત્ર આ મુદ્દે ઊંઘતું ઝડપાયું છે અને સામે ચાલીને નામોશી વહોરી રહ્યું હોય એવી સ્થિતિ સરજાવા પામી છે. રાજયસભાની ચૂંટણીનું કમઠાણ અને બનાસકાંઠાના જળપ્રલયની ઘટના બન્યાં તો કોંગ્રેસ માટે કમનસીબ નીવડેલ છે. ધાનેરાના ધારાસભ્ય જોઈતાભાઈ પટેલને બેંગલુરુમાં મોજમજા કરવાનો શોખ ન જ હોય. તેઓ એક જવાબદાર ખેડૂત આગેવાન છે. એ જ રીતે ધારશી ખાનપુરા એમની બેઠક પરથી વારંવાર ચૂંટાતા રહેલા લોકપ્રિય આગેવાન છે. બેઉ ઉંમરલાયક ધારાસભ્યોના વિસ્તારમાં જળપ્રલયે કાળો કહેર વર્તાવ્યા છે. ડીસામાંથી ચૂંટાયેલા ગોવાભાઈ રબારી પણ જિલ્લાના સિનિયર નેતા છે. આ તમામ કોંગ્રેસી ધારાશભ્યોને ભાજપનાં સકંજામાં ફસાતા બચાવવા અને રાજયસભાની ચૂંટણીમાં પાર્ટીના વરિષ્ઠ નેતાને હેમખેમ પાર ઉતારવા ગુજરાત બહાર સલામત સ્થળે ખસેડવાનું કોંગ્રેસના આગેવાનોનું પગલું પૂરગ્રસ્ત વિસ્તારની દુખિયારી પ્રજાને ન જ ગમે. એક તરફ આવી સ્થિતિનો ભરપૂર રાજકીય ફાયદો ઉઠાવવા ભાજપે મુખ્યમંત્રીથી લઈ સંખ્યાબંધ ધારાસભ્યોને અસરગ્રસ્ત વિસ્તારોમાં કાર્યરત કરી દઈ તમામ ક્રેડિટ પોતાના ખાતે ઓળખી લેવાની કોશિશ કરી છે, બીજી તરફ કોંગ્રેસનો ગઢ ગણાતા રહેલા આ વિસ્તારમાં કોંગ્રેસી કાર્યકર્તાઓ દેખાતા જ ન હોય ત્યારે સ્વાભાવિક રીતે જ પ્રજાકીય રોષ ફાળી નીકળે એ પણ સંભાવના હતી જ. આ તમામનું આકલન વહીવટ તંત્રે કરવું જોઈતું હતું. ભલે રાહુલ ગાંધીને જાકારો આપવાની ઘટના સ્વયંભૂ પ્રજાકીય આક્રોશની ફળશ્રુતિ હોય તો પણ વહીવટીતંત્ર અને શાસક પક્ષ માટે તો એ નામોશીરુપ જ ગણાશે. કોંગ્રેસને સ્થાનિક સરકાર સામે આંગળી ચીંધવાની તક મળી છે એ જ શું રાહુલ ગાંધીની મુલાકાતની સફળતા નથી?

જરૂર છે કાવ્ય શિક્ષકોની

નવોદિત કોલમ
કાનન ઓઝા

અત્યારે શાળા-કૉલેજમાં ભાષાના શિક્ષણથી શિક્ષણવિદો સંતોષ નથી. ભાષા શિક્ષણનો હેતુ જ શિક્ષકોએ બદલી નાખ્યો છે. ભાષા શીખવવાનો મુખ્ય હેતુ ભાષાના મુખ્ય હેતુ ભાષાનાં મુખ્ય ચાર કૌશલ્યો શ્રવણ - કથન - વાચન અને લેખન ખીલવવાનો છે. ઉપરાંત વિદ્યાર્થીઓને સાહિત્યમાં રસ લેતા કરવાને વ્યાકરણનું જ્ઞાન આપવું જે કામ ભાગ્યે જ શિક્ષકો કરતાં હોય તેવું લાગે છે. તેમાં પણ કાવ્ય શિક્ષકો તો મરી પરવાર્યું છે. તેમ કહેવામાં સહેજ પણ અતિશયોક્તિ નથી. અહીં કાવ્ય શિક્ષણને લઈ કેટલીક વાત કરવી છે. કાવ્ય કાનની કળા છે. કાવ્ય શીખી કે શીખવી ન શકાય તે માણી શકાય. કવિતા શીખવાની વસ્તુ નથી, પામવાની વસ્તુ છે. જેમ પ્રેમ કરવાની કોઈ એક રીત નથી. તેમ કાવ્ય શીખવવાની કોઈ એક રીત નથી.

વર્ગખંડમાં મોટાભાગનાં શિક્ષકો કાવ્યને ગદ્યમાં ફેરવીને અર્થ સમજાય છે. જો કવિને અર્થ જ જણાવવાનો હોત તો કાવ્યની રચના કરવા લાંબી મહેનત શા માટે કરે? ગદ્યનો એક ફકરો લખી નાખ્યો હોત તો પણ ચાલે જ ને ! કેટલાક શિક્ષકો કાવ્ય શીકવતી વખતે અઘરા શબ્દો, અલંકાર, છંદ, સમાસ વગેરે વગેરેનું સંયોજન સમજાવીને દરેક બાબતને વિદ્યાર્થી સામે વ્યાકરણ સમજાવતા હોય તેમ રજૂ કરે છે. આમ, કાવ્યને મારી નાખે છે. ગદ્ય કરતાં પદ્યમાં ભાવ, સંયોગ અને ઉભારની ક્ષમતા વધારે હોય છે. પદ્ય ને પણ જયારે ગાનવિદ્યા સાથે જોડવામાં આવે ત્યારે ભાવનાનો પ્રવાહ વધારે પૂર્ણતારુપે ખીલે છે. ગાયનમાં શરીર, મન અને આત્મા ત્રણેને બળવાન બનાવવાનાં તત્ત્વો પૂરી માત્રામાં હોય છે. કાવ્ય ભણવાનું નથી હોતું, માણવાનું હોય છે. તેનો આસ્વાદ કરવાનો હોય છે. કાવ્યને પીવાનું હોય છે. કાવ્યમાં કવિની સંવેદના સહભાગી થવાનું છે. કવિતામાં શબ્દોરૂપી માધ્યમ દ્વારા ભાવ સુધી પહોંચાડવાનું છે. વિદ્યાર્થીને જ્ઞાનથી પર કાવ્યના દુનિયામાં વિહાર કરાવવાનો છે. શિક્ષકે કાવ્યને એવી રીતે ઉછાળવાનું છે કે વિદ્યાર્થી તેને પકડીને તેવા તેનાં રસપ્રવાહમાં ઘસડતો જાય અને રસાસ્વાદ કરતાં કરતાં કાવ્યનાં અર્થ અને વ્યંજનાનો આપોઆપ સમજે. વિદ્યાર્થી એકરુપ થાય, કાવ્યનું સૌંદર્ય માણે, શબ્દનાં અર્થ દ્વારા કાવ્યનો અર્થ સમજાવવાનો નથી. ભાવ-લાગણીના સાધનોનો ઓછામાં ઓછો ઉપયોગ કરો. વિદ્યાર્થીને કલ્પના જગતમાં વિહરવા દો. તેમની કાલ્પના શક્તિને કુંઠિત ન કરો.

કાવ્યશિક્ષણ વખતે કવિએ શું કહ્યું છે. તેના કરતા તેમની સંવેદના કેવી રીતે વ્યક્ત કરી છે. તે તરફ ધ્યાન દોરો. વિદ્યાર્થીઓને મજા કરાવવાની છે, વિદ્યાર્થીને મજા પડી કે નહીં તેની ખબર કેવી રીતે પડે? તેમના ચહેરા પરનાં ભાવ પરથી એક ઉદાહરણ આપું, નમૂનાનો પાઠ આવવા એક શિક્ષક નવમાં ધોરણ કાવ્ય શીખવાડેલ. કાવ્ય શીખવાડયા પછી શૌચાલય ગયો હતો.

જયા શિક્ષક પહેલા કેટલાંક વિદ્યાર્થીઓ શૌચાલયમાં ગયા હતા. શિક્ષકે પ્રવેશ કર્યો ત્યારે બે વિદ્યાર્થીઓ જે શિક્ષકે કાવ્ય શીખવાડેલ તેની પંક્તિઓ ગાઈ રહ્યા હતા. શિક્ષકને થયું, આજે એમનું કાર્ય સફળ. કાવ્ય શીખવાડ્યા પછી તેમના ચહેરા પર ખ્યાલ આવેલો કે વિદ્યાર્થીઓને મજા આવી હશે.

આમ, કાવ્યનો આનંદ વિદ્યાર્થીને કરાવતા પહેલા શિક્ષકોએ કરવો જોઈએ. કાવ્ય ભણાવવું ત્યારે જ કઠીન બને, જયારે તેને પામ્યા કે માણ્યા સિવાય ભણાવવામાં આવે, માટે જ ભવિષ્યમાં ભાષાનાં શિક્ષકો માટે જાહેરાત આવે કે 'જરૂર કાવ્ય શિક્ષકની' તો નવાઈ ન પામતા, કારણ કે બધા ભાષા ના શિક્ષકો કાવ્ય શિક્ષક નથી હોતા.

રાજ્યસભા ચુંટણીની આંટીઘુટી

પ્રસંગસર
ડો. મિતેશ જયસ્વાલ

ઘણા વર્ષો બાદ જયારે ગુજરાતમાં રાજ્યસભાની ચુંટણીનો માહોલ જામ્યો છે ત્યારે રાજ્યસભાની આ રસપ્રદ ચુંટણી પ્રકિયાને સરળતાથી સમજી અને તેના પરિણામોની ધારણા કરવી વાચકોને ગમશે તેવા ઉદ્દેશ્યથી આ લેખ લખી રહ્યો છું. તો ચાલો રાજયસભા અને તેની ચુંટણી પ્રકિયાને સમજી ગુજરાતના પરિણામોનો વરતારો કાઢીએ. રાજ્યસભામાં કુલ ૨૪૫ બેઠકો છે, જેમાંથી ૧૨ સભ્યો રાષ્ટ્રપતિ દ્વારા મનોનીત કરવામાં આવે છે, જયારે બાકીના ૨૩૩ સભ્યો રાજ્યોની વિધાનસભાના સભ્યો (ધારાસભ્યો) દ્વારા ચુંટીને મોકલવામાં આવે છે. આ ૨૩૩ બેઠકો તમામ રાજ્યો વચ્ચે રાજ્યોના વસ્તીના આધારે વહેચાયેલી છે. લોકસભાના સભ્યોની જેમ રાજ્યસભાના સદસ્યોની ચુંટણી એક સાથે થતી નથી પરંતુ દર બે વર્ષે એક તૃતીયાંશ સભ્યો બદલાય તે મુજબનું ચુંટણીનું આયોજન હોય છે. આ વ્યવસ્થા મુજબ હાલ ગુજરાતમાં ૧૧ રાજ્યસભાની બેઠકો છે. જેમાની ત્રણ બેઠકો માટે ચૂંટણી ૮ ઓગસ્ટના રોજ યોજાઈ રહી છે.

પાછલા ઘણા વર્ષોથી ગુજરાતમાં બન્ને મુખ્ય રાજકીયપક્ષો દ્વારા પોતાના ધારાસભ્યોની સંખ્યાના આધારે બેઠકો જેટલા જ ઉમેદવારો ઉભા રાખવામાં આવતા, જેથી આ ચુંટણી બિનહરીફ થતી. પણ હાલમાં શંકરસિંહ વાઘેલાની કોંગ્રેસ પ્રત્યેની નારાજગીમાં પોતાનો રાજકીય લાભ જોતા ભાજપાએ પોતાના બે ઉમેદવારો ઉપરાંત, શંકરસિંહ વાઘેલાના સાથીદાર એવા પૂર્વ કોંગ્રેસી ધારાસભ્ય બળવંતસિંહ રાજપૂતની પણ ઉમેદવારી કરાવીને, શંકરસિંહ વાઘેલા સમર્થિત કોગ્રેસના ધારાસભ્યોના સહકારથી ત્રણેય બેઠકો જીતવાનો વ્યુહ ઘડ્યો છે. રાજ્યસભાની આ બેઠક પર કોંગ્રેસને પરાજય પોષાય તેમ નથી, કારણકે આ બેઠક માટે ગુજરાત કોંગ્રેસના સૌથી દિગ્ગજ નેતા મનાતા અહેમદ પટેલ ચુંટણી લડી રહ્યા છે. હાલમાં બીજેપી તરફથી રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની અને બળવંતસિંહ રાજપૂત મેદાનમાં છે જયારે કોંગ્રેસ તરફથી શ્રીમતી સોનીયા ગાંધીના રાજકીય સચિવ અહેમદ પટેલ ચુંટણી લડી રહ્યા છે.

રાજ્યસભાની ચૂંટણી સામાન્ય ચૂંટણીઓ કરતા અલગ છે કારણ કે આ ચૂંટણી માં મતદાન એકડા-બગડાની પદ્ધતિથી થાય છે જેને અંગ્રેજીમાં સિંગલ ટ્રાન્સફરેબલ વોટ વિથ પ્રપોર્શનલ રિપ્રેઝન્ટેશન કહેવાય છે. આ ચુંટણીમાં ઉમેદવારને પસંદ કરી તેના નામ સામે પસંદગી ક્રમાંક લખવાનો હોય છે. આ પદ્ધતિને કારણે જ આ ચુંટણી અટપટી પણ રસપ્રદ બની છે. શંકરસિંહ વાઘેલા સમર્થિત ૬ ધારાસભ્યોના રાજીનામા બાદ હાલ ગુજરાત વિધાનસભામાં ૧૭૬ ધારાસભ્યો છે. જેમાંથી ભાજપ પાસે ૧૨૧, કોંગ્રેસ પાસે ૫૧, એનસીપી પાસે ૨, જનતાદળ-યુ પાસે ૧ અને ગુજરાત પરિવર્તન પાર્ટીના મેન્ડેટ પર ચૂંટાયેલા ૧ ધારાસભ્ય છે. હાલમાં કોંગેસના ૫૧ ધારાસભ્યોમાંથી ૪૪ ધારાસભ્યો બેંગ્લોરમાં છે જયારે અન્ય ૭ ધારાસભ્યો જે શંકરસિંહ વાઘેલાના સમર્થક મનાય છે તે ગુજરાતમાં જ છે. હવે આ એકડા-બગડાની પદ્ધતિ મુજબ ગુજરાતના કુલ મતોનું મુલ્ય ૧૭૬૦૦ (૧૭૬ ટ ૧૦૦) ગણાય. નિયમ મુજબ વિજેતા થવા માટે ઉમેદવારે મેળવેલ મતોનું મુલ્ય, કુલ મતોના મુલ્યને બેઠકોની સંખ્યામાં એક ઉમેરીને આવતી સંખ્યા (૩+૧=૪) વડે ભાગીને આવતા મુલ્ય કરતા એક વધુ હોવું જોઈએ. એટલે કે ૧૭૬૦૦ ને ૪ વડે ભાગવાથી આવતી સંખ્યા (૪૪૦૦) કરતા એક વધુ. આ જાદુઈ આંકડો થાય ૪૪૦૧.

હવે માનો કે અમિત શાહને ૪૫ એકડા, સ્મૃતિ ઈરાનીને ૪૫ એકડા જયારે બળવંતસિંહ રાજપૂતને ૪૨ એકડા (ભાજપના ૩૧, એનસીપીના ૨, જનતાદળ-યુનો ૧, જીપીપીનો ૧ તેમજ શંકરસિહ વાઘેલા સમર્થિત કોંગેસના ૭ ધારાસભ્યો) તેમજ ૯૦ બગડા (અમિત શાહ અને સ્મૃતિ ઈરાનીને મત આપનારા ધારાસભ્યોની બીજી પસંદ) અને અહેમદ પટેલને ૪૪ એકડા (કોંગેસના ધારાસભ્યો જે કેમ્પમાં છે) મળે છે, તો મત ગણતરીના પ્રથમ રાઉન્ડમાં જ અમિત શાહ અને સ્મૃતિ ઈરાની વિજેતા જાહેર થશે કારણ કે પ્રત્યેકને મળેલ મતોનું મુલ્ય (૪૫ ટ ૧૦૦=૪૫૦૦) વિજેતા થવા માટે જરૂરી મુલ્ય કરતા વધુ છે. જયારે અહેમદ પટેલ મળેલ મતોનું મુલ્ય (૪૪ ટ ૧૦૦=૪૪૦૦) અને બળવંતસિંહ રાજપૂતને મળેલ મતોનું મુલ્ય (૪૨ ટ ૧૦૦=૪૨૦૦) છે જે વિજેતા થવા માટે જરૂરી મુલ્ય કરતા ઓછું છે. જેથી વિજેતા નક્કી કરવા માટે મત ગણતરીનો બીજો રાઉન્ડ યોજાશે. અત્રેએ નોંધનીય છે કે માત્ર એક મત મુલ્ય માટે અહેમદ પટેલને બીજા રાઉન્ડમાં જવું પડી શકે છે.

બીજો રાઉન્ડમાં અમિત શાહને મળેલ જરૂરિયાત કરતા વધુ મુલ્ય (૪૫૦૦-૪૪૦૧=૯૯) ને અમિત શાહને મત આપનારા ધારાસભ્યોની સંખ્યા (૪૫) વડે ભાગી અને જે રકમ આવે (૨.૨) તેમાંથી દશાંશ દુર કરી આવતી સંખ્યાને (૨) અમિત શાહને મત આપનારા ધારાસભ્યોની સંખ્યા (૪૫) વડે ગુણી મત મુલ્ય તારવવામાં આવશે (૯૦) અને આ મત મુલ્ય બળવંતસિંહ રાજપૂતના મત મૂલ્યમાં ઉમેરવામાં આવશે. કારણકે આ તમામે બગડો બળવંતસિંહ રાજપૂતને આપ્યો છે. એટલે બીજા રાઉન્ડના અંતે બળવંતસિંહ રાજપૂતનું મત મુલ્ય ૪૨૯૦ (૪૨૦૦+૯૦) થશે. બીજા રાઉન્ડના અંતે પણ બે માંથી કોઈ ઉમેદવાર જરૂરી મત મુલ્ય મેળવતો નહી હોવાથી ત્રીજા રાઉન્ડની મત ગણતરી થશે જેમાં બીજા રાઉન્ડની જેમ સ્મૃતિ ઈરાનીના વધારાના મતોનું મુલ્ય (૯૦) બળવંતસિંહ રાજપૂતના મત મૂલ્યમાં ઉમેરવામાં આવશે. ત્રીજા રાઉન્ડના અંતે તમામ મત ગણતરી પૂર્ણ થશે અને અહેમદ પટેલને મળેલ મતોનું મુલ્ય = ૪૪૦૦ અને બળવંતસિંહ રાજપૂતને મળેલ મતોનું મુલ્ય = ૪૩૮૦ થશે. મત ગણતરી પૂર્ણ થયે વધુ મત મુલ્ય હોવાથી અહેમદ પટેલ વિજેતા જાહેર થશે.

પણ આ વાત આટલી સરળ નથી. જો અહેમદ પટેલને મળવાના મતોમાંથી એક પણ મત ઓછો થાય, રદ્દ થવાથી કે પછી નોટાથી, તો બળવંતસિંહ રાજપૂત જીતી શકે છે અને અહેમદ પટેલનો પરાજય થાય. રાજકીય અખાડાના માહિર ખેલાડીઓ એવા આપણા રાજનેતાઓ જાણે અજાણે મતદાનની પ્રક્રિયામાં બેદરકારી દર્શાવી પોતાનો કિમતી મત અગાઉ ઘણીવાર રદ્દ કરાવી ચુક્યા છે. હમણા જ યોજાયેલ રાષ્ટ્રપતિની ચુંટણીમાં કુલ ૭૭ મતો રદ્દ થયા હતા જેમાંના ૨૧ સાંસદોના અને ૫૬ ધારાસભ્યોના હતા. વળી નોટા કે મત રદ્દ થવાના કિસ્સામાં પક્ષના વ્હીપનો અનાદર પણ ન ગણાય, પણ હા દરેક સભ્યએ કરેલ મતદાનની જાણ પાર્ટીને અવશ્ય થાય કારણ કે મતદાન બાદ મતદારે પોતાનું બેલેટ પાર્ટીના પોલીગ એજન્ટને બતાવવાનું હોય છે અને ભુલ થવાના કિસ્સામાં નવું બેલેટ તો જ મળે જો વિધાનસભા ના સચિવ એટલે કે ચુંટણી અધિકારી સહમત થાય. ગતવર્ષે હરિયાણામાં યોજાયેલ રાજ્યસભાની ચુંટણીમાં ૧૪ મતો રદ્દ થવાને કારણે કોંગ્રેસ સમર્થિત ઉમેદવાર આર કે આનંદનો પરાજય થયો હતો. કટોકટીની આ ચુંટણીમાં જો મતદાનમાં ભૂલ ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યની કે તેમના સમર્થક ધારાસભ્યની થાય તો ભાજપનું ગણિત પણ ખોટું પડે તેમ છે. વળી ધારણાથી વિપરીત ક્રોસવોટીંગ પણ આ ચુંટણીના પરિણામને રસપ્રદ બનાવે છે.

- mmjayswal@yahoo.co.in

બિહાર...ગુજરાત અને... દોસ્તી દિવસ...!!!

રગળપાટ
અજય ઉપાધ્યાય

યે તો હોના હી થા....બહારમાં જ્યારથી નીતીશ-લાલુ નું કજોડું રચાયેલું ત્યારથી જ શંકા હતી કે આ સંઘ કાશીએ નહિ પહોચે, એક ના એક દિન તો તલ્લાક હો કે રહેગા...!!! બસ ખાલી સમયનો સવાલ હતો અને એમ છતાં પણ જો આ કજોડું પુરા પાંચ વર્ષ ચાલ્યું હોત તો ચોક્કસપણે લોકશાહી અને ખાસ તો બિહારની જનતાને એના ગંભીર પરિણામો ભોગવવા તો પડત જ. અને એનું કારણ પણ સાવ સીધું અને મેગ્નીફાઈંગ ગ્લાસ રાખ્યા વગર પણ દેખાય એમ હતું. નો ડાઉટ મોદીનો એક અરસાથી વિરોધ કરી રહેલા નીતીશ અને કાયમી વિરોધી લાલુનું આ જોડાણ માત્ર ને માત્ર સમયની જ માંગ અને કઈક અંશે ઈગો કલેશનું વરવું ઉદાહરણ હતું પણ તેમ છતાયે જે રીતે પાછલા થોડા વર્ષોમાં શ્રીમાન લાલુપ્રસાદની નવી પેઢીએ બિહારના રાજકારણમાં જે પ્રકારે એન્ટ્રી મારેલી એનાથી એક વસ્તુ તો સાફ હતી કે પ્રમાણમાં ક્લીન ઈમેજ ધરાવતા નીતીશ માટે આ લાકડાનો લાડુ સાબિત થવામાં બહુ દેર નહોતી થવાની.

ભલે ગઠબંધન તૂટવાનો દોષ ભાજપ કે મોદી કે અમિત શાહ પર કોઈ લગાવતું હોય પણ એ હકીકત છે કે પોતાની સરકાર અને ખાસ તો ઈમેજ બચાવવા રાજ્યમાં સ્ટેબલ સરકાર જાળવી રાખવા માટે નીતીશ માટે આ અને એકમાત્ર ઉપાય જ હતો એમાં કોઈ રાજકીય પંડિતો પણ મના નહિ કરી શકે. અને આમ જોવા જાઓ તો નીતીશને મોદી સામે વાંધો હતો એમા હવે ખુદ નીતીશ પણ કઈ કરી શકે નહિ એટલી કદાવર પ્રતિભા હવે મોદીની થઈ ગઈ છે અને જે રીતે એક પછી એક રાજ્યોમાં ભાજપ અને મોદીનો વાવટો ફરકતો જાય છે એવામાં રાજ્યની શાખ બચાવવા ટેકાવાળી સરકારો બનાવવાનો ઉપક્રમ આગળ શાશનોમાં પણ થતો રહ્યો છે અને હજુયે થતો રહેવાનો છે એટલે પેલી કહેવતની જેમ લાલુ અને લાલુપુત્રોના પરાક્રમો વધુ વણસે કે વિકસે અને ગધ્ધુ અને ફાળિયું બંને જાય એવો સમય આવે એના કરતા અણી ચુક્યો સો વરસ જીવે એવા સિદ્ધાંતમાં માનીને નીતીશે હાલ તુરંત પોતાની સરકાર તો બચાવી લીધી છે અને લાલુના જે પ્રમાણે અત્યારે વકી ગ્રહો ચાલે છે એ જોતા નીતીશ માટે શુશીલકુમાર એન્ડ કંપની ઓછી તકલીફદેહ થવાની એ હકીકત છે. બસ ફક્ત પાયાનો પ્રશ્ન એ જ રહે છે કે જેને ગાળો આપીને - જેનો વિરોધ કરીને તમે સત્તામાં આવ્યા હોવ તેની સાથે સરકાર બચાવવા માટે જોડાણ કરવું કેટલું વ્યાજબી કહી શકાય ? હાલાકી એ વાતથી ઈનકાર થઈ શકે નહિ કે છેલ્લા થોડા વર્ષોમાં નીતીશે બિહારની જનતામાં પોતાની એક અલગ છાપ ઉભી કરી છે અને પ્રજા કદાચ નીતીશ સરકારના સારા વહીવટની ઓથે આવા છાનગપતીયા ભૂલી પણ જવાની પણ જોવાનું રસપ્રદ એ રહેશે કે ચારેકોરથી ઘેરાયેલા લાલુ કે જેની હજુ પણ બિહારના ઘણા વિસ્તારો પર પકડ છે એ હવે કયો દાવ રમે છે, ઈનફેક્ટ લાલુના સપોર્ટર કહી શકાય એવા મુલાયમ અને બીજા દળો પણ અત્યારે તો 'સાફ 'થઈ ચૂકેલ છે એવામાં રાજનીતિના માસ્ટર કહી શકાય એવા લાલુ અને નીતીશ-ભાજપનો આગામી જંગ રસપ્રદ રહેશે એ નક્કી છે...!

આગામી જંગ તો આપણા ગુજરાતમાં પણ રસપ્રદ રહેવાનો એ નક્કી છે. રાજકારણમાં ક્યારે શું થાય એ કોઈને ખબર નથી હોતી એવામાં ગુજરાત કોંગ્રેસમાં વગર વરસાદે આવેલું રાજીનામાં પુર આવનારા સમયમાં કોંગ્રેસને કેટલું નુકશાન કરે છે એ જોવું રસપ્રદ રહેશે. વાત ભલે ને રાજ્યસભા બેઠકની હોય પણ હકીકત એ છે કે વર્ષોથી ઓલમોસ્ટ નિષ્ક્રિય રહેલી ગુજરાત કોંગ્રેસ નેતાગીરી સામે આ એક પ્રકારનો બળવો જ ગણી શકાય અને એમાયે શંકરસિંહ જેવા દિગ્ગજ નેતા જ્યારે ગાઈ વગાડીને કોંગ્રેસની અંદરની વાત અને વેદના બહાર લાવે ત્યારે એને ના માનવાને કોઈ કારણ હોઈ શકે જ નહિ. ધારાસભ્યોને ફાર્મ હાઉસમાં લઈ જવા પડે એવી સ્થિતિઓ ગુજરાત સહીત ઘણા રાજ્યોમાં અગાઉ પણ આવી ચુકેલી છે અને એમાં કઈ નવીન પણ નથી, પણ વધુ ગંભીર એ છે કે જ્યારે ગુજરાત વિધાનસભાની ચુંટણી હવે ખાસ કાઈ દુર નથી એવામાં ભાજપને પડકાર આપવાની કોંગ્રેસની ક્ષમતા અને યોજનાઓથી આ વિખવાદ જરૂરથી ફટકો પાડી શકે છે. સવાલ અહેમદ પટેલ રાજ્યસભાની સીટ જીતે કે ના જીતે એના કરતા પણ વધુ વિકટ એ છે કે ખુલીને બહાર ના આવેલા અને જો બાપુની વાત સાચી માનીએ તો હજુયે કોંગ્રેસમાં રહીને અસંતોષની આગમાં તપી રહેલા બીજા ૧૦-૧૨ ધારાસભ્યો પણ જો રાજીનામાના માર્ગે ચાલે તો ગુજરાત કોંગ્રેસ માટે તો આગામી ચુંટણી જીતવું તો ઠીક પણ લડવું પણ કઠીન થઈ જાય. તો સામે પક્ષે કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા લોકોને સાચવવા અને એમનો મૂળ ભાજપી સાથે ગોઠવણ કરવી પણ ભાજપ માટે માથાનો દુખાવો તો થવાનો જ. અત્યારે તો બનાસકાંઠા મા આવી પડેલી કુદરતી વિપત્તિઓમાંથી પ્રજાને રાહત અપાવવાના કામને અગ્રતા આપનાર ભાજપ સરકાર માટે આવનારા દિવસોમાં ભાજપનું કોંગ્રેસીકરણ થાય નહિ અને ટાર્ગેટ ૧૫૦ પૂરો કરવાની લ્હાયમાં મૂળ ભાજપીઓ ભૂલાય નહિ એવું ગોઠવવું ચૂંટણી સમયે શિરદર્દ બની રહેવાનું એ પણ નક્કી છે...! જોઈએ ચૂંટણીઓ હવે ક્યા દુર છે...! આ દોસ્તી શું રંગ લાવે છે એ તો ત્યારે જ ખબર પડશે...!!!

દોસ્તી સે યાદ આયા કી આજે ઓગષ્ટનો પહેલો સન્ડે...એટલે ફ્રેન્ડશીપ ડે...યાની કી દોસ્તી દિવસ...! અંગ્રેજી કલ્ચરની સાથે સાથે આપણને જે કાઈ આવા ડે ઉજવવાના ફતુર ભેટમાં મળ્યા છે એનો એક નમુનો એ આ ફ્રેન્ડશીપ ડે...! અને એમાયે આ ફ્રેન્ડશીપ ડે ની તો ઉજવણી શરુ કરનાર જ ગ્રીટિંગ કાર્ડ કમ્પની છે એટલે નો ઓફેન્સ...!!! જો કે દોસ્તીને ક્યાં કોઈ ખાસ દિવસ લાગુ પડે છે. દોસ્તીને કોઈ દિવસ નથી હોતો... દોસ્તી કોઈ બેલ્ટ ની મોહતાજ નથી..... દોસ્તીને કોઈ ફેસબુક સ્ટેટ્સ ની જરૂર નથી....! બ્રિટીશ લેખક સેમ્યુલ બટલરનું એક ફેન્ટાસ્ટીક ક્વોટ છે આ દોસ્ત અને દોસ્તી ઉપર. મુલાઈજા ફર